### ચકલાસીમાં ડુપ્લીકેટ ઠરાવ ઊભો કરી 70 લાખના પ્રોજેક્ટમાં ગેરરીતિનો આક્ષેપ

# ચકલાસી પાલિકાએ રીચાર્જ બોરનું લોકેશન બદલતા વિવાદ સર્જાયો

**પાલિકાના કારોબારી** અધ્યક્ષે ચીફ ઓફિસર સામે મોરચો માંડ્યો



(પ્રતિનિધિ) નડિયાદ તા.7

ચકલાસી પાલિકામાં વહીવટી ગેરરીતિઓ અને સત્તાધારી પક્ષનો આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. જનરલ બોર્ડમાં સર્વાનુમતે નક્કી થયેલા રીચાર્જ બોરના લોકેશનમાં મનસ્વી રીતે ફેરફાર કરી જનતાના હિત સાથે છેડછાડ કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સાથે મામલો હવે પ્રાદેશિક કમિશનર સુધી પહોંચ્યો છે.

ચકલાસી નગરપાલિકામાં ગત 1લી ઓક્ટોબર, 2025ના રોજ મળેલી સામાન્ય સભામાં ઠરાવ નંબર 26 હેઠળ શિવનગર સ્કૂલ, વાઘેલા કોલોની અને ફતેપુરા રોડ જેવા વિસ્તારોમાં બોર બનાવવાનું નક્કી થયું હતું. આ કામગીરી 15મા નાણાપંચની ગ્રાન્ટમાંથી અંદાજે રૂ. 70,24,500 ના ખર્ચે કરવાની મંજૂરી અપાઈ હતી. આ અંગે આક્ષેપ છે કે, અસલ લિસ્ટમાં છેડછાડ કરી ડુપ્લીકેટ ઠરાવ તૈયાર કરવામાં આવ્યો અને જે વિસ્તારો નક્કી નહોતા ત્યાં બિનજરૂરી રીતે બોર બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આ મામલે કારોબારી અધ્યક્ષ સુરેશભાઈ વાઘેલાએ પાલિકાના ચીફ ઓફિસર પાસે જવાબ માંગ્યો હતો, પરંતુ અધિકારીના મૌન અને સંતોષકારક ખુલાસાના અભાવે હવે પ્રાદેશિક કમિશનર (અમદાવાદ ઝોન) ને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણમાં ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરી જવાબદાર અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી ઉઠી છે.

## ઓડ ગામમાં ચાર શખસ દ્વારા હુમલો

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદ તાલુકાના ઓડ ગામમાં પંચાયતની ચૂંટણીના પરિણામો બાદ હુમલો કરવાનો બનાવ બન્યો હતો. ફરિયાદ મુજબ, ગત 28મી એપ્રિલે જ્યારે ફરિયાદી કિશનભાઈ તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારના સ્વાગત માટે ઊભા હતા, ત્યારે લક્ષ્મણ નામના શખ્સે તેમને અટકાવી જ્ઞાતિ વિષયક અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો. બાદ પ્રકાશ ભોઈ, દિલીપ દેવીપૂજક અને બાબુ દેવીપૂજકે સાથે મળીને માર માર્યો હતો. આટલેથી ન અટકતા, ગત 3 મેના રોજ જ્યારે ફરિયાદી પોતાના પરિવાર સાથે કારમાં જઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓએ પથ્થરમારો કરી કારનો કાચ તોડી નાંખી પરિવારના સભ્યોને પણ માર માર્યો હતો. આ મામલે ખંભોળજ પોલીસે ચારેય સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં ગૌભક્તોએ આવેદનપત્ર આપ્યાં

# ચરોતર પંથકમાં ગાય માતાને ‘રાષ્ટ્રમાતા’ જાહેર કરવા માંગ





‘ગૌ સન્માન આહવાન અભિયાન’ અંતર્ગત ગૌ હત્યા રોકવા માટે આજીવન કેદની સજા અને કેન્દ્રીય કાયદાની ઉગ્ર માંગ કરાઈ

(પ્રતિનિધિ) ખેડા તા.7

ખેડા અને માતર તાલુકાના ગૌપ્રેમીઓ, હિન્દુ યુવાનો અને રામભક્તો દ્વારા ગૌ રક્ષા અને સંવર્ધન માટે એક મહત્વપૂર્ણ અભિયાન છેડવામાં આવ્યું છે. ‘ગૌ સન્માન આહવાન અભિયાન’ના બેનર હેઠળ મોટી સંખ્યામાં હિન્દુ યુવકો, ગૌભક્તો અને ગોપાલકોએ એકઠા થઈને મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું. ગૌ માતાના સન્માન અને સુરક્ષા માટે લેવામાં આવેલા આ પગલામાં સમગ્ર પંથકમાંથી ભક્તો જોડાયા હતા.

આ આવેદનપત્રમાં મુખ્યત્વે માંગણી કરવામાં આવી છે કે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવે કે સંવિધાનના અનુચ્છેદ 48માં જરૂરી સંશોધન કરી કેન્દ્રીય ગૌસેવા અને તેની સુરક્ષા માટે મજબૂત અધિનિયમ અમલમાં મૂકવામાં આવે. આ સાથે જ ગૌપાલન માટે અલગ ગૌપાલન મંત્રાલયની સ્થાપના કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે, જેથી સમગ્ર રાષ્ટ્રમાં ગૌ હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી શકાય. ગૌભક્તોએ રાજ્યમાં કાર્યરત કસાઈખાનાના લાયસન્સ તાત્કાલિક ધોરણે રદ કરવાની માંગ કરી છે. આ ઉપરાંત, ગૌ હત્યા અને ગૌ તસ્કરી જેવા ગુનાઓને ગંભીર ગણીને તેને ગેરજમાનતી અપરાધની શ્રેણીમાં મૂકવા અને આવા ગુનેગારોને આજીવન કારાવાસની સજા થાય તેવી કડક જોગવાઈ કરવા માટે આહવાન કર્યું છે.

આ અભિયાન અંતર્ગત ગૌ માતાને ‘રાષ્ટ્રમાતા’ અથવા ‘રાષ્ટ્રઆરાધ્યા’ તરીકેની માન્યતા આપી વિશેષ સંરક્ષણ આપવા માટે કેન્દ્રમાં વિશેષ પ્રસ્તાવ પસાર કરવાની માંગણી દોહરાવવામાં આવી હતી. મામલતદાર કચેરી ખાતે પહોંચેલા યુવાઓએ ગૌ માતા બચાવો, ગૌ હત્યા બંધ કરો ના ગગનભેદી સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજવી દીધું હતું. આ આવેદનપત્ર દ્વારા હિન્દુ સમાજના યુવાઓએ ગૌ રક્ષા માટે સરકાર વહેલી તકે મક્કમ નિર્ણય લે તેવી આશા વ્યક્ત કરી છે.

ઉમરેઠ મામલતદાર કચેરીમાં ગાય વંશની કાયદેસર સેવા, સંપૂર્ણ રક્ષણ અને રાષ્ટ્રીય માન્યતા સુનિશ્ચિત કરવા માટે આવેદનપત્ર આપ્યું હતું.

### વીરપુરમાં કેન્દ્રીય ગૌસેવા મંત્રાલય સ્થાપવા માંગ



મહિસાગર જિલ્લાના વીરપુર ખાતે સ્થાનિક વહીવટી તંત્ર મારફતે ભારતના રાષ્ટ્રપતિને પ્રાર્થના પત્ર પાઠવવામાં આવ્યો છે. આ આવેદનપત્રમાં મુખ્યત્વે ‘અખિલ ભારતીય વેદલક્ષણા ગૌવંશ’ને ‘રાષ્ટ્રમાતા’ અથવા ‘રાષ્ટ્ર આરાધ્યા’ તરીકેનો બંધારણીય દરજ્જો આપવાની રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત, ગૌસેવા માટે સમર્પિત એક અલગ કેન્દ્રીય ગૌસેવા મંત્રાલયની સ્થાપના કરવા અને સમગ્ર દેશમાં ગૌ-સંરક્ષણ માટે એક સમાન કેન્દ્રીય કાયદો બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ગૌભક્તો અને સંત સમાજ દ્વારા આ અભિયાનને વેગવંતુ બનાવી ગૌવંશના ગૌરવની પુન:સ્થાપના માટે નિર્ણાયક પગલાં લેવાની વિનંતી કરવામાં આવી છે.

### આણંદની બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરમાં વાર્ષિકોત્સવ ‘અભ્યુદય 2026’ શાનદાર રીતે ઉજવાયો





આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર દ્વારા 72મો વાર્ષિકોત્સવ ‘અભ્યુદય 2026’ ખૂબ જ ઉત્સાહ અને સાંસ્કૃતિક એકતાની ભાવના સાથે સફળતાપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે કુલપતિ ડો.એન. આઈ. શાહ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી અલ્પેશ લિમ્બાણીની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક, રમતગમત અને સહપાઠ્ય પ્રવૃત્તિઓમાં ઉત્તમ પ્રદર્શન બદલ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં હતાં. બે દિવસીય મહોત્સવમાં ગણેશ વંદના, પ્રાચીન ગરબા, નાટક અને વિવિધ પ્રાંતોના લોકનૃત્યો જેવી ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતાં. આચાર્ય ડો. સુનીલ આર. પટેલે મહેમાનોનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને શિસ્ત અને સમર્પણના મંત્ર સાથે સર્વાંગી વિકાસ માટે પ્રેરિત કર્યા હતાં.

## કપડવંજમાં ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદની સજા

(પ્રતિનિધિ) કપડવંજ તા.7

કપડવંજમાં ફાઈનાન્સ કંપની પાસેથી પર્સનલ લોન લીધા બાદ તેના હપ્તાની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરતા કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ ચૂકવી આપવાનો આદેશ કર્યો છે.

કપડવંજ ખાતે આવેલી શ્રીરામ ફાઈનાન્સ લિમિટેડની બ્રાન્ચમાંથી વડોલ ગામના રહેવાસી સંજયકુમાર મણીલાલ વાઘેલાએ પર્સનલ લોન લીધી હતી. આ લોનના હપ્તા નિયમિત રીતે ન ભરાતા કંપનીના અધિકૃત અધિકારી શ્યામ અજીતકુમાર મહેતા દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવી હતી. જેના જવાબમાં સંજયકુમારે રૂ. 1,12,069નો ચેક આપ્યો હતો. પરંતુ આ ચેક જમા કરાવવામાં આવ્યો ત્યારે તે ખાતામાં પૂરતું બેલેન્સ નથીના શેરા સાથે પરત આવ્યો હતો. આ અંગે ફરિયાદી પક્ષે વકીલ મારફતે નોટિસ પાઠવવા છતાં પણ આરોપીએ કોઈ યોગ્ય પ્રતિસાદ ન આપતા અંતે કપડવંજ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

આ કેસ કપડવંજની કોર્ટમાં ચાલી જતા મેજિસ્ટ્રેટ યુ.એસ. કાલાણીએ બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાને લીધા હતા. કોર્ટે આરોપી સંજયકુમાર વાઘેલાને નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ તકસીરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, કોર્ટે હુકમ કર્યો છે કે આરોપીએ ચેકની રકમ એક માસમાં ચૂકવી આપવી, અને જો તેમાં તે કસુર કરે તો વધુ 6 (છ) માસની સાદી કેદની સજા ભોગવવી પડશે.


## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સંતરામપુર એસ. પી. હાઈસ્કૂલનું સાયન્સમાં 41 ટકા અને સામાન્ય પ્રવાહમાં 76.27 ટકા સફળતા



**સંતરામપુર** | સંતરામપુરની એસ. પી. હાઈસ્કૂલના સાયન્સ પ્રવાહમાં સૃષ્ટિ ડામોરે 539 ગુણ અને સામાન્ય પ્રવાહમાં નિશાબેન પટેલીયાએ 531 ગુણ મેળવી શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. હર્ષિદા સોલંકી, ધર્મેન્દ્ર પગી, પાયલબેન તાવીયાડ અને હુતુલભાઈ ડામોર સહિતના તેજસ્વી વિદ્યાર્થીઓએ પણ ઉચ્ચ ગુણ મેળવી શાળાની શાન વધારી છે. શાળાનું સાયન્સનું પરિણામ 41% અને સામાન્ય પ્રવાહનું પરિણામ 76.27% નોંધાયું છે. આ ઝળહળતી સફળતા બદલ શાળા પરિવાર દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### વડોદની પટેલ એમ.એસ. હાઇસ્કૂલનું ધોરણ-10માં 88.80% સાથે ઝળહળતું પરિણામ આવ્યું



**આણંદ** | વડોદ કેળવણી મંડળ સંચાલિત આ શાળાએ રાજ્ય અને જિલ્લાના સરેરાશ પરિણામ કરતા વધુ 88.80% પરિણામ મેળવી શ્રેષ્ઠતા સાબિત કરી છે. પરીક્ષામાં બેઠેલા 134 પૈકી 119 વિદ્યાર્થીઓ પાસ થયા છે, જેમાં 2 વિદ્યાર્થીઓએ A1 અને 5 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો છે. શાળામાં રૂચિતા ચાવડા 93.83% સાથે પ્રથમ અને પુષ્પરાજસિંહ છાસટિયા 90.16% સાથે બીજા ક્રમે રહી શાળાનું ગૌરવ વધાર્યું છે. આચાર્ય ગોપાલભાઈ પટેલ અને મંડળે વિદ્યાર્થીઓની આ ભવ્ય સફળતા માટે શિક્ષકો અને વાલીઓના પુરુષાર્થને બિરદાવી શુભકામનાઓ પાઠવી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ફાગવેલના માલઈટાડીની સંતરામ માધ્યમિક શાળાનું ધોરણ-10નું 83 ટકા પરિણામ આવ્યું



**કપડવંજ** | ફાગવેલ તાલુકાની ઈપ્કોવાળા સંતરામ માધ્યમિક શાળાનું ધોરણ-10નું 83% પરિણામ જાહેર થતા શાળામાં ખુશીનો માહોલ છવાયો છે. ટોચના ત્રણ તેજસ્વી તારલાઓમાં સોઢા લક્ષ્મીબેન (79.16%), ગોહેલ સુશીલાબેન (71.33%) અને સોઢા અવનિશાબેને (71.16%) મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓની સખત મહેનત અને શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનને કારણે પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ બદલ વાલીઓએ પણ આનંદ વ્યક્ત કર્યો છે. સંસ્થાના પ્રમુખ રાજેશભાઈ પટેલ અને આચાર્ય દેવેન્દ્રસિંહ વાઘેલાએ તમામ સફળ વિદ્યાર્થીઓને અને સ્ટાફગણને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

### કપડવંજની એસ. સી. દાણી શાળાનું ધોરણ-10માં 97.14 ટકા પરિણામ આવ્યું



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ. સી. દાણી સ્કૂલે ધોરણ-10ની પરીક્ષામાં 97.14% ના શાનદાર પરિણામ અને 23 A1 ગ્રેડ સાથે અદભુત સિદ્ધિ મેળવી છે. શાળાની તેજસ્વી વિદ્યાર્થિની પરમાર જીયા મુકેશભાઈએ 99.90 P.R. મેળવી સમગ્ર કપડવંજ કેન્દ્રમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. આ ઉપરાંત પટેલ જીયા (99.72 P.R.) અને પરમાર દિશા (99.67 P.R.) એ પણ A1 ગ્રેડ સાથે જ્વલંત સફળતા મેળવી છે. શાળાની આ ગૌરવશાળી સિદ્ધિ બદલ કેળવણી મંડળ અને શાળા પરિવારે તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

### કપડવંજની સીએન વિદ્યાલયનું ધોરણ-10માં 96 ટકા પરિણામ સાથે 17 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સી.એન. વિદ્યાલયનું ધોરણ-10નું પરિણામ 96% આવ્યું છે, જેમાં શાળાના 17 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. પરીક્ષામાં શેખ હુમેરા (96.66%) પ્રથમ, પટેલ હીર (96%) બીજા અને શેખ ફાતિમા (95.5%) ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ભવ્ય સફળતા બદલ મંડળના પ્રમુખ ડો. હરીશ કુંડલીયા, મંત્રી અનંત શાહ અને આચાર્ય પી.બી. પટેલ સહિતના ટ્રસ્ટીઓએ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

### કપડવંજની એલએમ શારદા મંદિરનું ધોરણ 10નું 90.17 ટકા પરિણામ સાથે સિદ્ધિ મેળવી



**કપડવંજ** | શારદા કેળવણી મંડળ સંચાલિત આ શાળાનું ધોરણ 10નું પરિણામ 90.17 ટકા આવ્યું છે, જેમાં સુમિત આર. કુમાવતે 99.84 PR સાથે કેન્દ્ર અને શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. શાળામાં દ્વિતીય ક્રમે વિધિ કે. પ્રજાપતિ (99.50 PR), જે કેન્દ્રમાં ત્રીજા ક્રમે છે, અને તૃતીય ક્રમે ધ્રુવ એસ. ગોસ્વામી (99.43 PR) ઉત્તીર્ણ થયા છે. વિદ્યાર્થીઓની આ વિશિષ્ટ શૈક્ષણિક સિદ્ધિ અને ઝળહળતી સફળતા બદલ શાળાના સંચાલક મંડળ તથા સ્ટાફ પરિવાર દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ તેજસ્વી તારલાઓએ પોતાની મહેનતથી શાળા અને મંડળનું નામ રોશન કર્યું છે.

### મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનું એસએસસીમાં 97.45 ટકા પરિણામ આવ્યું



**આણંદ** | અનુપમ મિશન સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનું ધોરણ-10નું 97.45 ટકા ભવ્ય પરિણામ આવ્યું છે, જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. આ શાળાના તેજસ્વી છાત્ર દીપ ભાનુભાઇ સોલંકીએ 99.99 PR સાથે સમગ્ર રાજ્યમાં સર્વપ્રથમ સ્થાન પ્રાપ્ત કરી આણંદ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. કુલ 118 વિદ્યાર્થીઓ પૈકી 22 વિદ્યાર્થીઓએ એ1 અને 29 વિદ્યાર્થીઓએ એ2 ગ્રેડ હાંસલ કરી શાળાની શૈક્ષણિક ગુણવત્તાને પ્રમાણિત કરી છે. અનેક વિદ્યાર્થીઓએ ગણિત, વિજ્ઞાન અને સંસ્કૃત જેવા વિષયોમાં 100માંથી 100 ગુણ મેળવતા ડો. રતિકાકા અને આચાર્યા રીટાબહેને સૌને અભિનંદન પાઠવ્યા છે.

### કલોદરાની ચંચલદિપ વિદ્યાવિહાર હાઈસ્કૂલનું એસએસસીમાં સતત બીજા વર્ષે સો ટકા પરિણામ



**ખંભાત** | ખંભાત તાલુકાના નાના કલોદરા ગામની આ શાળાએ બોર્ડના 83.86 ટકા અને જિલ્લાના 82.29 ટકા પરિણામની સામે સો પરિણામ મેળવી સમગ્ર જિલ્લામાં ડંકો વગાડ્યો છે. આ શાળાની વિદ્યાર્થીની રિદ્ધિ પટેલે 92 ટકા સાથે A1 ગ્રેડ અને સામાન્ય પરિવારના દેવરાજ સોલંકીએ 90 ટકા સાથે A2 ગ્રેડ પ્રાપ્ત કરી શાળા તથા માતા-પિતાનું ગૌરવ વધાર્યું છે. શાળાના આચાર્ય, મંડળના પ્રમુખ અને શિક્ષકોએ વેકેશન હોવા છતાં તેજસ્વી તારલાઓના ઘરે રૂબરૂ જઈને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને સન્માનિત કર્યા હતા.

### આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલનું SSCમાં 93.16% સાથે ઝળહળતું પરિણામ આવ્યું



**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલે એસએસસી બોર્ડની પરીક્ષામાં 93.16% પરિણામ મેળવી શિક્ષણ ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. શાળાના કુલ 190 વિદ્યાર્થીઓમાંથી 16 વિદ્યાર્થીઓએ A1 અને 38 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. આચાર્ય ભાવેશભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ મૈત્રી પટેલ (99.87 PR) અને માનસ પટોલિયા (99.36 PR) જેવા તેજસ્વી તારલાઓએ શાળાનું નામ રોશન કર્યું છે. શિક્ષકોનું સચોટ માઈક્રો પ્લાનિંગ અને વિદ્યાર્થીઓની અથાગ મહેનત આ ઐતિહાસિક સફળતાનું મુખ્ય કારણ રહી છે જે સમગ્ર જિલ્લા માટે ગૌરવની વાત છે.

### ચરોતર એજ્યુકેશન સોસાયટીનું ધો.12માં 10 વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ મેળવ્યો



**આણંદ** | આણંદની પ્રતિષ્ઠિત ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં શ્રેષ્ઠ દેખાવ કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સંસ્થાની ડી.એન. હાઈસ્કૂલ સહિતની વિવિધ શાળાઓના ૧૦ વિદ્યાર્થીઓએ A-1 તથા 80 વિદ્યાર્થીઓએ A-2 ગ્રેડ મેળવી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, કસ્તુરબા કન્યા વિદ્યાલય અને મહાત્મા ગાંધી વિદ્યાલયના તેજસ્વી વિદ્યાર્થીઓએ આ પરિણામોમાં મેદાન માર્યું છે. આ સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને શૈક્ષણિક સ્ટાફ દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

### કપડવંજની નિરમાલીની હાઈટેક સ્કૂલે ધોરણ 10માં સો ટકા પરિણામ મેળવ્યું



**કપડવંજ** | કપડવંજ તાલુકાની નિરમાલી હાઈટેક સ્કૂલે માર્ચ 2026ની બોર્ડ પરીક્ષામાં સો ટકા પરિણામ મેળવી વર્ષ 2019થી સતત સો ટકા પરિણામ આપતી જિલ્લાની એકમાત્ર સંસ્થાનું ગૌરવ જાળવી રાખ્યું છે. આ શાળાની વિદ્યાર્થિની શ્રેયા પટેલે 96 ટકા (99.62 પીઆર) સાથે પ્રથમ ક્રમ મેળવ્યો છે, જ્યારે માહી પટેલ, જન્નત ઝાલા, શ્રેય પટેલ અને આશી પટેલે પણ A1 ગ્રેડ સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ વર્ષે શાળાના કુલ 21 વિદ્યાર્થીઓએ 90 ટકાથી વધુ અને 47 વિદ્યાર્થીઓએ 80 ટકાથી 90 ટકા વચ્ચે ગુણ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

### બોરસદની સરસ્વતી શિશુકૂંજમાં એસએસસીનું સો ટકા પરિણામ આવ્યું



**આણંદ** | બોરસદના વાસદ રોડ પર વઘવાલા નહેર પાસે આવેલી સરસ્વતી શિશુકુંજમાં ધો.10નું સો ટકા પરિણામ આવ્યું છે. આ શાળામાં છેલ્લા 18 વર્ષથી ધો.10નું સો ટકા પરિણામની પરંપરા જાળવવામાં આવી છે. આ સાથે શાળાના 129 વિદ્યાર્થી એ1, એ2 127 મેળવ્યા છે. આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહમાં એ1ના 17, એ2માં 44 વિદ્યાર્થી મેળવ્યાં છે. સામાન્ય પ્રવાહમાં એ1માં 11 વિદ્યાર્થી, એ2માં 20 વિદ્યાર્થીએ મેળવ્યાં હતાં. બોર્ડની પરીક્ષામાં ઉતિર્ણ થનારા તમામ વિદ્યાર્થીઓ, વાલીગણ તથા સરસ્વતી શાળાના સારસ્વત મિત્રોને કેળવણી મંડળ તરફથી અભિનંદન પાઠવ્યાં હતાં.